### રસ્તા પર પથરાયેલી કપચીએ દ્વિચક્રી વાહનચાલકોને કર્યા લોહીલુહાણ

# શેરખી-ભીમપુરા રોડ બન્યો 'મોતનો માર્ગ'

**તંત્રની લાપરવાહી : કપચી અને ધૂળની ડમરીઓ વચ્ચે વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા**

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા શેરખી-ભીમપુરાથી સમલાયાને જોડતો મુખ્ય માર્ગ હાલમાં વાહનચાલકો અને રાહદારીઓ માટે અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે. તંત્રની ઘોર બેદરકારીને કારણે આ માર્ગ પર કપચી અને ધૂળનું સામ્રાજ્ય છવાઈ ગયું છે, જેના પરિણામે અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. સ્થાનિક લોકોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ માર્ગ હવે 'મોતનો રસ્તો' બની ગયો હોવાની બૂમો ઉઠી છે. માર્ગની બિસ્માર હાલતને કારણે રસ્તા પર ઠેર-ઠેર કાંકરા અને કપચી પથરાયેલી છે. જેના કારણે ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકોના વાહનો સ્લિપ થઈ રહ્યા છે અને લોકો ગંભીર ઈજાઓનો ભોગ બની રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, રસ્તા પરથી ભારે વાહનો પસાર થાય છે ત્યારે ધૂળની ડમરીઓ ઉડે છે, જેના કારણે પાછળ આવતા વાહનચાલકો માટે વિઝિબિલિટી શૂન્ય થઈ જાય છે. રસ્તો સ્પષ્ટ ન દેખાવાને કારણે અનેકવાર વાહનો એકબીજા સાથે અથડાતા બચી જાય છે. ધૂળના કારણે માત્ર વાહનચાલકો જ નહીં, પરંતુ આસપાસ રહેતા લોકો અને રાહદારીઓ પણ શારીરિક તકલીફોનો સામનો કરી રહ્યા છે. સતત ઉડતી ધૂળને કારણે લોકોને આંખોમાં બળતરા થવી અને શ્વાસ લેવામાં તકલીફ પડવી જેવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થવું લોઢાના ચણા ચાવવા સમાન બની જાય છે, કારણ કે અપૂરતી લાઈટ અને ધૂળના ગોટાને કારણે અકસ્માત થવાની શક્યતા અનેકગણી વધી જાય છે. સ્થાનિક વાહનચાલકો અને રહેવાસીઓએ તંત્ર સામે પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, વારંવાર રજૂઆતો કરવા છતાં હજુ સુધી માર્ગનું સમારકામ કરવામાં આવ્યું નથી. લોકોની માગ છે કે કોઈ નિર્દોષ વ્યક્તિ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવે તે પહેલાં તંત્ર જાગે અને આ માર્ગનું તાત્કાલિક રીસરફેસિંગ કરવામાં આવે. જો વહેલી તકે યોગ્ય કામગીરી કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

**પોલીસ તંત્ર વડાપ્રધાનના બંદોબસ્તમા વ્યસ્ત બનતા તસ્કરોને મોકળુ મેદાન !**

# આજવા રોડ પર બંધ મકાનને નિશાન બનાવી ૩.5 લાખની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 નાગરવાડા બાદ આજવા રોડ પર વધુ એક ચોરીની ઘટના, સીસીટીવીના આધારે તપાસ શરૂ વડોદરા શહેરમાં વડાપ્રધાનના આગમનને લઈ પોલીસ તંત્ર સુરક્ષા અને બંદોબસ્તમાં વ્યસ્ત બન્યું છે. જેને લઈને શહેરમાં તસ્કરો બેફામ બન્યા હોય તેમ સતત બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે.

તાજેતરમાં નાગરવાડા વિસ્તારમાં વહેલી સવારે બાઈક સવાર ત્રિપુટીએ માત્ર 15 મિનિટમાં ચોરીને અંજામ આપ્યો હતો. તે ઘટના હજુ ઉકેલાઈ નથી ત્યાં આજવા રોડ વિસ્તારમાં વધુ એક ચોરીની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ આજવા રોડ પર સેફરોન બેઝિક નજીક આવેલી રાજદીપ ટેનામેન્ટમાં રહેતા અને "પંકજ એકેડમી" નામે ટ્યુશન ક્લાસીસ ચલાવતા પંકજભાઈ સુરેશચંદ્ર શર્મા પરિવાર સાથે તા. 29 એપ્રિલે વૈષ્ણોદેવી દર્શન માટે ગયા હતા. પરિવાર બહારગામ હોવાથી તેમનું મકાન બંધ હતું. દરમિયાન તા. 6 મેના રોજ સવારે તેમના બનેવી રાહુલભાઈ બાબુલાલ શર્માએ ફોન કરીને ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હોવાનું જણાવ્યું હતું.

ઘટનાની જાણ થતાં પોલીસને પણ માહિતગાર કરવામાં આવી હતી. બાદમાં પંકજભાઈ પરિવાર સાથે વહેલી સવારે વડોદરા પરત ફર્યા હતા. ઘરે પહોંચીને તપાસ કરતા મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો જોવા મળ્યો હતો. અંદર પ્રવેશતા રૂમોમાં સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. તસ્કરોએ બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરી તોડી તેમાં રહેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરાયેલા મુદ્દામાલમાં બે સોનાના મંગળસૂત્ર, બે સોનાની વીંટી, ત્રણ સોનાની ચેઈન, બે પેન્ડલ, ચાર જોડ કાનની બુટી, ત્રણ સોનાની ટીકા, ચાંદીનો કંદોરો, માળા અને પાયલ સહિત આશરે 500 ગ્રામ ચાંદી તેમજ રૂ.1.50 લાખની રોકડ રકમનો સમાવેશ થાય છે. કુલ મળીને આશરે રૂ.5 લાખના મુદ્દામાલની ચોરી થયાનું સામે આવ્યું છે. બાઈક પર આવેલા બે તસ્કરે સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા.

આ મામલે પંકજભાઈ શર્માએ અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી સીસીટીવી ફૂટેજના આધારે ચોરો સુધી પહોંચવાના પ્રયાસો શરૂ કર્યા છે.

**રૂ.2.40 લાખનો દારૂ ઝડપાયો**

# ગણપતપુરામાં બુટલેગરના ઘરે લગ્ન પ્રસંગ વચ્ચે રેઇડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરા જિલ્લાના ગણપતપુરા ગામ ખાતે મંજુસર પોલીસે બુટલેગરો સામે કાર્યવાહી કરતા રૂપિયા 2.40 લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બુટલેગરના ઘરે લગ્ન પ્રસંગ દરમિયાન જ દારૂનું વેચાણ અને પીણાં ચાલતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

રેડ દરમિયાન ગામમાં અચાનક લાઈટ બંધ થઈ જતાં પોલીસને કામગીરીમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગણપતપુરા ગામમાં દેશી અને વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલા મનોજ ઠાકોરના ઘરે લગ્ન પ્રસંગ યોજાયો હતો. આ દરમિયાન દારૂનું ખુલ્લેઆમ વેચાણ તથા પીણાં ચાલી રહ્યા હોવાની માહિતી મળતાં મંજુસર પોલીસ દ્વારા તાત્કાલિક રેડ કરવામાં આવી હતી. પોલીસે મનોજ ઠાકોર, શૈલેષ ઠાકોર તેમજ તેમના મિત્રોના મકાનોમાં તપાસ કરતાં વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે અંદાજે રૂપિયા 2.40 લાખથી વધુની કિંમતનો દારૂ કબ્જે કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. રેડ દરમિયાન ગામના કેટલાક લોકો અને બુટલેગરોએ ભેગા મળી આખા ગામની લાઈટ બંધ કરી દીધી હોવાની ચર્ચા છે.

અંધારપટ સર્જાતા પોલીસને કાર્યવાહી દરમિયાન મુશ્કેલી પડી હતી અને ટૂંક સમયમાં જ ટીમને પરત ફરવું પડ્યું હતું. જોકે લાઈટ બંધ કરાય હોવાની બાબતે પોલીસે સત્તાવાર રીતે કોઈ પુષ્ટિ કરી નથી. આ સમગ્ર મામલે પોલીસે વિદેશી દારૂ સાથે એક શખ્સને ડિટેન કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# SSG હોસ્પિટલમાં 50 જેટલા એર-કૂલર તૈનાત

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 સમગ્ર રાજ્યમાં અત્યારે સૂર્યનારાયણ આકરા પાણીએ છે અને તાપમાનનો પારો સતત ઉંચે જઈ રહ્યો છે, ત્યારે વડોદરાની સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી સયાજી હોસ્પિટલ પ્રશાસન દ્વારા દર્દીઓની સુખાકારી માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ, તેમના સગા-સંબંધીઓ અને ખડેપગે સેવા આપતા સ્ટાફને અસહ્ય લૂ અને ગરમીથી બચાવવા માટે હોસ્પિટલ સંકુલમાં 50 જેટલા એર-કૂલર કાર્યરત કરવામાં આવ્યા છે. ગરમીની તીવ્રતાને જોતા, હોસ્પિટલના એવા વિભાગોને પ્રાથમિકતા આપવામાં આવી છે જ્યાં દર્દીઓની સંખ્યા વધુ હોય છે. મેડિસિન વોર્ડ જ્યાં તાવ અને અન્ય બીમારીના દર્દીઓ વધુ હોય છે. હીટ સ્ટ્રોક વોર્ડ જેમાં લૂ લાગવાથી દાખલ થયેલા દર્દીઓ માટે ખાસ ઠંડકની વ્યવસ્થા કરાઈ છે.

**યાકુતપુરામાં આરોપીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું**

# થાંભલા પર ચડી મકાનમાં પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યાની ચોરની કબૂલાત

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 યાકુતપુરા વિસ્તારમાં રહેતા અને રાવપુરા ખાતે "લંડન શૂ" નામની ફૂટવેર દુકાન ચલાવતા વસીમ એહમદ મકસુદએહમદ મલિકે સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તા.24 એપ્રિલના રોજ તેમની દાદીનું હાલોલ ખાતે અવસાન થતાં પરિવાર સાથે તેઓ ત્યાં ગયા હતા. બીજા દિવસે દાદીના અંતિમ સંસ્કાર પૂર્ણ કર્યા બાદ તેઓએ મકાનને તાળું મારી ફરી હાલોલ જવા નીકળ્યા હતા.27 એપ્રિલે પરિવાર ઘરે પરત ફર્યો હતો, જ્યારે 30 એપ્રિલે ઘરમાં રહેલી તિજોરીની ચાવી ન મળતા કારીગર બોલાવી લોક તોડવામાં આવ્યું હતું. તપાસ કરતા તિજોરીમાંથી સોનાના દાગીના, રોકડ રકમ અને વિદેશી ચલણ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. ચોરી ગયેલા મુદ્દામાલમાં સોનાની ચેઇન, વિંટી,

ડાયમંડ પેન્ડલ, બુટ્ટી, કડી સહિતના દાગીનાઓ ઉપરાંત 250 યુ.કે. પાઉન્ડ અને રોકડ રૂ.15 હજાર મળી કુલ રૂ.4.14 લાખની મત્તાની ચોરી થઈ હતી. આ બનાવની તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે આજવા રોડ બહાર મેમણ કોલોની વિસ્તારમાં રહેતો અનસ ફરીદભાઈ દુધવાલા ચોરાયેલો મુદ્દામાલ વેચવાની ફિરાકમાં છે. જેના આધારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી બે સોનાની ચેઇન, એક વિંટી, ચાર બુટ્ટી, ડાયમંડ પેન્ડલ, બે કડી, રોકડ રૂ.13,700 અને 250 યુ.કે. પાઉન્ડ મળી રૂ.3.86 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું હતું કે આરોપીના પિતા વર્ષોથી ભોગ બનાનાર મકાન માલિકના પરિવારના કપડાં સીવવાનું કામ કરતા હોવાથી અનસની તેમના ઘરે અવરજવર હતી. આરોપી ઘરની અંદરની માહિતીથી વાકેફ હતો અને તેમની સાથે મિત્રતા કેળવી તેણે ચોરીનો પ્લાન બનાવ્યો હતો. આરોપીએ પોલીસ સમક્ષ કબૂલ્યું હતું કે, તેણે પહેલા ઘરની રેકી કરી હતી અને ઘરની સામે આવેલા લોખંડના વીજ પોલ પર ચડી પહેલા માળે પહોંચ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ઓળખ કરી તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ સિટી પોલીસ દ્વારા આરોપીને સાથે રાખીને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું.

**સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યા**

# L&T નોલેજ સિટીના 11મા માળેથી બે શાહુડીઓનું દિલધડક રેસ્ક્યુ

વડોદરાઃ વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી જાણીતી એલએન્ડટી નોલેજ સિટીમાં આજે એક આશ્ચર્યજનક અને ભયજનક ઘટના સામે આવી હતી. કન્સ્ટ્રક્શન સાઈટ પર નિર્માણાધીન ઈમારતના 11મા માળ પર બે શાહુડી આવી પહોંચતા કામદારો અને ત્યાં હાજર સ્ટાફમાં ભારે કુતૂહલ સાથે ફાળકો પડ્યો હતો.

સામાન્ય રીતે જમીન પર રહેતું આ વન્યપ્રાણી આટલી ઊંચાઈએ કેવી રીતે પહોંચ્યું તે ચર્ચાનો વિષય બન્યો હતો. ઘટનાની વિગતો મુજબ, વાઘોડિયા રોડ સ્થિત એલએન્ડટી નોલેજ સિટીમાં 11મા માળે બે શાહુડીઓ હોવાની જાણકારી મળતા જ સ્થાનિક હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવામાં આવ્યો હતો. આ અંગે વન્યજીવ પ્રેમી યશ તડવી અને તેમની ટીમને જાણ થતા જ તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વન વિભાગને આ અંગેની જાણકારી આપીને તેમની મંજૂરી મેળવ્યા બાદ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ રેસ્ક્યુ ઓપરેશનમાં યશ તડવીની સાથે વિશાલ પટેલ, પ્રથમ વસાવા અને રોકી સાધુ પણ જોડાયા હતા. 11મા માળે પિંજરું લઈ જવું અત્યંત મુશ્કેલ હતું. આ મુશ્કેલીને જોતા ટીમે કોઠાસૂઝ વાપરી હતી અને પાણી ભરવાના ખાલી પીપની મદદ લીધી હતી. ખૂબ જ સાવચેતીપૂર્વક અને જહેમત બાદ બંને શાહુડીઓને આ પીપમાં સુરક્ષિત રીતે ઝડપી પાડવામાં આવી હતી.

**'વન ડે વન રોડ' અભિયાન અંતર્ગત દિવાળીપુરા રોડની કાયાપલટ**

# કોર્પોરેશન દ્વારા મેગા સફાઈ ઝુંબેશ,ક્ષોના ટ્રીમિંગ સાથે આખા માર્ગને ચકાચક કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરા શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સુઘડ બનાવવાના ઉમદા હેતુ સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલા 'વન ડે વન રોડ' અભિયાન અંતર્ગત શુક્રવારે પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નંબર 11 માં સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ હેઠળ દિવાળીપુરા રોડને સંપૂર્ણપણે સાફ-સુથરો કરવા માટે પાલિકાના વિવિધ વિભાગોએ સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડ્યું હતું. આ સફાઈ ઝુંબેશ દરમિયાન દિવાળીપુરા રોડ પર રસ્તાઓની સફાઈની સાથે-સાથે ડિવાઈડરની મરામત અને સફાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત, રસ્તાઓ પર જમા થયેલી ધૂળ દૂર કરવા માટે બ્રશિંગ મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગાર્ડન વિભાગ દ્વારા રસ્તાની આજુબાજુ અને ડિવાઈડર

પર ઉગી નીકળેલા વધારાના ઘાસ તેમજ વૃક્ષોના ટ્રીમિંગ અને કટિંગની કામગીરી પણ વેગવંતી બનાવવામાં આવી હતી, જેથી વાહનચાલકોને અવરોધ ન નડે અને રસ્તો રળિયામણો દેખાય. નોંધનીય છે કે, આ કામગીરી દરમિયાન રસ્તા પર નડતરરૂપ દબાણો હટાવવાની પણ કાર્યવાહી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ સફાઈ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક કામગીરીમાં જોતરાયા હતા. આ સફાઈ અભિયાનમાં વડોદરા મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ અત્યાધુનિક મશીનરીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી ટૂંકા સમયમાં મોટા વિસ્તારને સ્વચ્છ કરી શકાયો હતો. 'વન ડે વન રોડ' અભિયાન દ્વારા શહેરના મુખ્ય માર્ગોને એક જ દિવસમાં સંપૂર્ણપણે કાયાપલટ કરવાનો પાલિકાનો આ પ્રયાસ સ્થાનિક રહીશોમાં પણ આવકાર પામ્યો છે.

**શહેરમાં આગના બનાવોમાં ઉછાળો**

# લાલબાગ બ્રિજ પાસેની ઝાડીઓમાં લાગી આગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.8 વડોદરામાં છેલ્લા કેટલાક દિવસોથી સૂર્યદેવ આકરા પાણીએ હોય તેમ ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે. આ આકરા તાપ અને સૂકા વાતાવરણને કારણે શહેરમાં આગ લાગવાના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આજે બપોરના સમયે શહેરના વ્યસ્ત ગણાતા લાલબાગ બ્રિજ પાસે આવેલી ઝાડીઓમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, લાલબાગ બ્રિજની નીચે અને આસપાસના વિસ્તારમાં આવેલી સૂકી ઝાડીઓમાં આજે અચાનક આગ લાગી હતી. ઉનાળાની સીઝનને કારણે ઝાડીઓ સાવ સૂકી હોવાથી આગ જોતજોતામાં વધુ ફેલાઈ ગઈ હતી. આકાશમાં ધુમાડાના ગોટેગોટા દેખાવા લાગતા બ્રિજ

પરથી પસાર થતા વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર સર્વિસના જવાનો કાફલા સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરોએ સતર્કતા દાખવી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. સદનસીબે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે આગ વધુ પ્રસરે તે પહેલા જ તેને ઓલવી દેવામાં આવી હતી.

**બાળ મજૂરી વિરોધી કાયદાના લીરેલીરા**

# વડોદરામાં પાલિકાના ડ્રેનેજ પ્રોજેક્ટમાં સગીરો પાસે વેઠ!

(પ્રતિનિધિ) વડોદરા તા.8 સરકાર દ્વારા બાળ મજૂરી નાબૂદ કરવા માટે કડક કાયદાઓ બનાવવામાં આવ્યા છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર આ કાયદાઓની સ્થિતિ 'એસી કી તૈસી' જેવી જોવા મળી રહી છે. વડોદરા શહેરના અટલાદરા-પાદરા રોડ પર ચાલી રહેલી ડ્રેનેજ લાઈનની કામગીરીમાં ખુલ્લેઆમ સગીર વયના બાળકો પાસે મજૂરી કરાવવામાં આવતી હોવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનાએ પાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત સામે અનેક સવાલો ઉભા કર્યા છે. મળતી માહિતી મુજબ, અટલાદરા-પાદરા રોડ પર બ્રહ્માકુમારી સંસ્થાથી લઈને નારાયણ વાડી સુધીના વિસ્તારમાં હાલ ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીનો કોન્ટ્રાક્ટ પાલિકા તંત્ર

દ્વારા જે-તે એજન્સીને આપવામાં આવ્યો છે. આ સ્થળ પર ૧૨ થી ૧૫ વર્ષની વયના સગીર કિશોરો ભારે મહેનત મજૂરી કરતા જોવા મળ્યા છે. આ ડ્રેનેજ પ્રોજેક્ટમાં નિયમોને નેવે મૂકીને બાળકો પાસે જોખમી કામ કરાવવામાં આવી રહ્યું છે. આ મામલે હવે સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે આ ગંભીર બેદરકારી માટે જવાબદાર કોણ? શું આ માટે કોન્ટ્રાક્ટર જવાબદાર છે જેણે આ બાળકોને કામે રાખ્યા, કે પછી પાલિકાનું તંત્ર જેની દેખરેખ હેઠળ આ કામગીરી ચાલી રહી છે? સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે શું પાલિકાના અધિકારીઓ આ બાબતથી અજાણ છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે? સામાન્ય રીતે કોન્ટ્રાક્ટર પોતાની નફાખોરી માટે સસ્તા દરે બાળકો પાસે મજૂરી કરાવતા હોય છે, પરંતુ સરકારી કામમાં આ પ્રકારની પ્રવૃત્તિ ચલાવી લેવી એ કાયદાનું અપમાન છે. આગામી સમયમાં આ મુદ્દે પાલિકા તંત્ર કોન્ટ્રાક્ટર સામે શિક્ષાત્મક પગલાં ભરે છે કે પછી મામલો થાળે પાડી દેવામાં આવે છે, તે જોવું રહ્યું. હાલ તો આ ઘટનાને પગલે શહેરના સામાજિક કાર્યકરો અને જાગૃત નાગરિકોમાં તંત્રની કામગીરી સામે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

**પ્રબળ યોગ** સ્વગૃહી મંગળ અને ઉચ્ચના સૂર્યનું મિલન 4 રાશિના જાતકો માટે ખોલશે નસીબના દ્વાર

# 11 મેથી ગ્રહોનો મહાસંયોગ: મેષ રાશિમાં સૂર્ય-મંગળની યુતિથી રચાશે 'મંગલાદિત્ય રાજયોગ'

(પ્રતિનિધિ) વડોદરા તા.8 જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ મે મહિનો ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થવા જઈ રહ્યો છે. પંચાંગ અનુસાર, આગામી 11 મેના રોજ મંગળ ગ્રહ મેષ રાશિમાં પ્રવેશ કરશે, જ્યાં સૂર્ય પહેલેથી જ બિરાજમાન છે. મેષ રાશિમાં સૂર્ય અને મંગળના આ મિલનથી અત્યંત શક્તિશાળી અને પ્રભાવશાળી એવો 'મંગલાદિત્ય રાજયોગ' રચાઈ રહ્યો છે. ખાસ વાત એ છે કે મંગળ પોતાની સ્વરાશિ (મેષ) માં છે અને સૂર્ય અહીં ઉચ્ચનો હોવાથી આ યુતિ બમણી તાકાત સાથે શુભ ફળ આપશે. આ રાજયોગની અસર તમામ 12 રાશિઓ પર થશે, પરંતુ 4 રાશિના જાતકો માટે તે 'લોટરી' સમાન સાબિત થઈ શકે છે.

## શા માટે ખાસ છે 'મંગલાદિત્ય રાજયોગ'?

પ્રદીપ પંડ્યાજ્યોતિષીના મતે, જ્યારે સૂર્ય અને મંગળ એક જ રાશિમાં યુતિ કરે છે ત્યારે તેને 'મંગલાદિત્ય યોગ' કહેવામાં આવે છે. સૂર્ય આત્મા અને પ્રતિષ્ઠાનો કારક છે, જ્યારે મંગળ સાહસ અને શક્તિનો કારક છે. આ વર્ષે 11 મેના રોજ આ સંયોગ એટલે ખાસ છે કારણ કે મંગળ પોતાની જ રાશિ મેષમાં હશે અને સૂર્ય તેની ઉચ્ચ રાશિમાં હશે. આ પ્રકારનો અત્યંત દુર્લભ અને શક્તિશાળી સંયોગ વ્યક્તિના જીવનમાં સાહસ, પદ-પ્રતિષ્ઠા અને આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલે છે.

## કઈ રાશિઓ પર થશે લક્ષ્મીકૃપા?

**મેષ રાશિ:** આ યુતિ તમારી જ રાશિમાં થઈ રહી હોવાથી આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે. નોકરીમાં પ્રમોશન અને નવી જવાબદારીઓ મળવાના યોગ છે. અટકેલા નાણાં પરત મળશે અને રોકાણથી ફાયદો થશે.

**સિંહ રાશિ:** વેપારીઓ માટે આ સમય સુવર્ણ સાબિત થશે. અચાનક ધનલાભ થવાની શક્યતા છે. જૂના દેવામાંથી મુક્તિ મળશે અને સામાજિક માન-સન્માનમાં વધારો થશે. આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થશે.

**ધન રાશિ:** ભાગ્યનો પૂરો સાથ મળશે. લાંબા સમયથી અટકેલા કામો પૂરા થશે. જો તમે નવું વાહન કે પ્રોપર્ટી ખરીદવાનું વિચારી રહ્યા હોવ તો આ ઉત્તમ સમય છે. વિદેશ જવાની તકો પણ મળી શકે છે.

**કુંભ રાશિ:** નોકરીયાત વર્ગ માટે પગાર વધારાના સારા સમાચાર મળી શકે છે. આધ્યાત્મિક યાત્રાના યોગ છે. માનસિક શાંતિનો અનુભવ થશે અને અચાનક આર્થિક લાભ થવાથી આર્થિક તંગી દૂર થશે.

**જામીન પર છૂટ્યા બાદ ફરી ગુનાખોરીમાં સંડોવાતા આરોપીઓ સામે કડક કાર્યવાહી**

# ગુજસીટોકના કેસમાં બિચ્છુ ગેંગના ચાર આરોપીઓના જામીન નામંજૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.8 વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે વર્ષ-2021માં નોંધાયેલા ગુજસીટોક કેસમાં "બિચ્છુ ગેંગ"ના ચાર આરોપીઓના જામીન રદ કરાવવામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. જામીન મળ્યા બાદ આરોપીઓ ફરી ગુનાખોરીમાં સંડોવાયા હોવાની વિગતો બહાર આવતા તપાસ અધિકારીએ હાઈકોર્ટ તથા સ્પેશિયલ ગુજસીટોક કોર્ટમાં રજૂઆત કરી હતી. કોર્ટે જામીનની શરતોનો ભંગ માન્ય રાખી ચારેય આરોપીઓના જામીન રદ કર્યા છે. હાલ આરોપીઓને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો કાર્યરત કરવામાં આવી છે. વર્ષ-2021માં ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં "બિચ્છુ ગેંગ"ના મુખ્ય સૂત્રધાર અસલમ ઉર્ફે બોડીયા હૈદરમીયા શેખ સહિત 26 આરોપીઓ સામે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુન્હા નિયંત્રણ અધિનિયમ (ગુજસીટોક) હેઠળ ગુનો નોંધાયો હતો.

આ કેસની તપાસ તે સમયે એસીપી ક્રાઈમ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે જામીન પર મુક્ત થયેલા આરોપીઓ ફરી અલગ-અલગ ગુનાઓમાં સંડોવાયા હતા. જેમાં મોહમદ હુસૈન ઉર્ફે મુન્ના તરબુચે પાણીગેટ વિસ્તારમાં ગુપ્તી બતાવી રૂપિયા માંગ્યાનો ગુનો કર્યો હતો. તનવીર ઉર્ફે તન્નુ મલેક હરણી વિસ્તારમાં ડ્રગ્સ વેચાણ કેસમાં ઝડપાયો હતો. તોસીબ ઉર્ફે ભુરીયો મલેક સામે સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારામારીનો ગુનો નોંધાયો હતો. આ ત્રણેય આરોપીઓએ જામીનની શરતોનો ભંગ કરતાં તપાસ અધિકારી ડી.જે. ચાવડાએ સરકારી વકીલ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતાં કોર્ટે તેમના જામીન રદ કર્યા હતા.

આ ઉપરાંત અસ્ફાક ઉર્ફે બાબા ઈકબાલ શેખ સામે પણ સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારામારીનો ગુનો નોંધાતા, સ્પેશિયલ ગુજસીટોક કોર્ટ વડોદરામાં જામીન રદ કરવાની અરજી કરવામાં આવી હતી. કોર્ટે અરજી મંજૂર કરી આરોપીના જામીન રદ કર્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ જામીનની મુખ્ય બે શરતોનો ભંગ કર્યો હતો, મ હાલ ચારેય આરોપીઓને ઝડપી પાડવા માટે વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી તપાસ અને શોધખોળ શરૂ કરવામાં આવી છે.